





# મહેસાણા-ઊંઝા-પાટણમાં ચક્કાજામ

ઊંઝા, તા. ૧૭

પાટણ જિલ્લાના સમી તાલુકાના દુદખા ગામના દલિત પરિવારની જમીનની માંગણીના પ્રશ્ને પાટણ કલેક્ટર કચેરી આગળ આત્મવિલોપનનો પ્રયાસ કરનાર ઊંઝાના સામાજીક કાર્યકર અને દલિત સમાજના અગ્રણી ભાનુભાઈ વણકરનું અમદાવાદ એપોલો હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજતાં ઉત્તર ગુજરાતના દલિત સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

ઉત્તર ગુજરાતના ઊંઝા, મહેસાણા અને પાટણમાં તંગદિલી સાથે દલિત સમાજના લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. ઉશ્કેરાયલ ટોળાએ રસ્તાઓ પર ચક્કાજામ કર્યો હતો. મૃતક ભાનુભાઈ વણકર ઊંઝામાં રહેતા હોઈ ઊંઝા શહેરમાં સવારથી સ્વયંભૂ બંધ પળાયો હતો. સરકારના વિરોધમાં આજે સવારે શહેરના ગાંધીચોક નજીકથી દલિત સમાજના લોકોની એક વિશાળ રેલી નીકળી હતી. સરકાર વિરૂદ્ધના સૂત્રોચ્ચાર સાથે નીકળેલ રેલી હાઈવે પર આવી હતી. અત્રે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો. તેમ છતાં ઉશ્કેરાયેલ ટોળાએ હાઈવે પર ચક્કાજામ કરતાં હાઈવેની બંને બાજુ વાહનોની લાંબી કતારો જામી ગઈ હતી. આ સમાચાર લખાય છે ત્યારે બપોરના ત્રણ વાગ્યા સુધી હાઈવે પરથી ટોળા ખસ્યા નથી. પરિણામે વાહનચાલકો અને એસ.ટી. બસોના મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. હિંસક ટોળાએ માર્ગ પર ટાયરો પણ સળગાવ્યા હતા.ઊ મહેસાણા ખાતે વિસનગર લિંકરોડ સોમનાથ ચોકડી પર ટોળાએ ચક્કાજામ કર્યો હતો. ચક્કાજામને લીધે એસ.ટી. તંત્ર દ્વારા મહેસાણાથી પાલનપુર વચ્ચેના ઊંઝા, સિદ્ધપુર હાઈવે પર એસ.ટી. બસો બંધ કરી દેવામાં આવી હતી. દરમિયાન મૃતકના પરિવારજનોએ સરકાર દ્વારા માંગણીઓ ન સ્વીકારાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે, આથી મામલો વધુ ગરમાયો છે.

# ખેડબ્રહ્મા-પ્રાંતિજમાં નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૭

આજે રાજયની ૭૫ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની સાથે ખેડબ્રહ્મા



નગરપાલિકાની પણ ચૂંટણી યોજાઈ હતી. જેમાં સંપૂર્ણ શાંતિપૂર્વક ચૂંટણી યોજાઈ હતી.

આજે ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ૬૫ ઉમેદવારોએ ચૂંટણીના મેદાનમાં ઝંપલાવ્યુ હતુ. સવારે ૮ કલાકથી મતદાનની શરૂઆત થઈ હતી. પ્રથમ બે કલાકમાં મતદારોનો ધસારો રહયો હતો અને બપોર પછી બપોરના ૧૨ થી અઢી કલાક સુધી મતદારોનો પ્રવાહ ધીમો રહયો હતો, ત્યાર બાદ ફરીથી મતદારો મતદાન કરવા ઉમટયા હતા.

ખેડબ્રહ્મા નગરપાલિકાના ૨૨ બુથ પૈકી ૬ બુથને સંવેદનશીલ તથા ૪ બુથને અતિસંવેદનશીલ જાહેર કરાયા હતા પણ ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ૨૨ બુથમાં યોજાયેલ મતદાન દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

ચાલુ મતદાન દરમ્યાન વોર્ડ નં.૬ ના બુથ નં.૧ માં ઈવીએમ ખોટકાયુ હતુ પણ તાત્કાલીક ઈવીએમ બદલીને મતદાન રાબેતા મુજબ ચાલુ કરાયુ હતુ.

ખેડબ્રહ્મા ચૂંટણી અધિકારી કૌશિક મોદીએ ચૂંટણીની કામગીરી માટે ૧૨૭ કર્મચારીઓને ફરજ સોપી હતી. જયારે ખેડબ્રહ્મા પીએસઆઈ એ.વી.દેસાઈએ સુરક્ષા વ્યવસ્થા માટે ૧૩૨ પોલીસ કર્મીઓને ફરજ સોપી હતી.

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ ખાતે નગરપાલિકાની ચૂંટણી આજરોજ યોજાઈ હતી. જેમાં સવારથીજ મતદારો મત કેન્દ્રો ઉપર ધસારો જોવા મલ્યો હતો જ મતદારો પોતાના મત આપવા માટે મત કુટિરો ઉપર આવી પહોચ્યા હતાં અને મત કુટિરોના અંદરથી બહાર સુધી લાંબી લાંબી લાઈનો જોવા મળી હતી અને વયોવૃધ્ધોએ પણ મતદાન મથક સુધી આવીને પોતે મતદાન કર્યુ હતું. આ વખતે નગરપાલિકામાં છ વોર્ડમાંથી ૨૪ સીટો માટે ભાજપ-કોંગ્રેસ-અપક્ષો સહિત ૭૧ ઉમેદવારો મેદાનમાં છે જેમાં ૯૮૨૪ પુરૂષ મતદારો તથા ૯૫૩૨ સ્ત્રી મળી કુલ ૧૯૩૫૬ મતદારોએ નગરપાલિકાના ભાવી ઉમેદવારોના ભાવી માટે મતદાન કર્યુ હતું અને સવારના આઠથી સાંજના પાંચ વાગ્યા સુધીમાં ૭૪.૪ ટકા મતદાન થયું હતું. ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ૨૬ એ ૨૬ બુથો ઉપર શાન્તિ પુર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું. કોઈ પણ જગ્યાએ ઈવીએમ મશીન બંધ કે ખોટવાયા નહતા. તો પ્રાંતિજ પી. આઈ વી.આર. ચાવડા દ્વારા મત કેન્દ્ર તથા મતદાન કેન્દ્ર આસપાસ ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે ૧૯-૨-૨૦૧૮ના રોજ મતગણતરી હાથ ધરવામા આવશે અને ઉમેદવારના ભાવીના પત્તા ખુલશે.

અને મતદારોએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને મતદાન કર્યુ હતું. સવારના આઠથી સાંજના પાંચ વાગ્યા સુધી કુલ-૭૪.૪ ટકા મતદાન યોજાયું હતું.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના છ વોર્ડ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સવારથી



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઝીંઝુડી ગામમાં મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ગંગેશ્વર મહાદેવની શોભાયાત્રા બેન્ડ વાજાની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે નીકળી હતી. ઝીંઝુડી ગામમાં ભાવિક ભક્તોએ પ્રદક્ષીણા કરી હતી. ઝીંઝુડી ગ્રામજનોએ આનંદ,ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.ઝીંઝુડી ગામના સમગ્ર ગ્રામજનો, યુવા મંડળ, ટાયગર ગ્રૃપ, સેવાભાવી ભાવિક ભક્તોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# બાયડ નગરપાલિકાની પેટા ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાની બાયડ નગરપાલિકાની આશરે અઢી વર્ષ પહેલા ભાજપે ભગવો ધારણ કર્યો હતો. પણ બે સત્તા લાલચુએ એનસીપીના ટેકાથી પ્રમુખ અને ઉપપ્રમુખનું સ્થાન હાંસલ કર્યુ હતુ. ત્યારે ગુજરાત રાજ્યના નામોદીષ્ટ અધિકારીએ સભ્ય પદેથી સસ્પેન્ડ કરતા પાલિકાના બે વોર્ડની પેટા ચૂંટણી તા. ૧૭-૨-૨૦૧૮ને શનિવારે યોજાઈ હતી. જમાં વોર્ડ-૧માં ભાજપના ઉણેદવાર હિતેશ પટેલ અને કોંગ્રેસમાંથી ભાજપના બળવાખોર અરવિંદ પ્રજાપતી વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી રહી છે. બંને બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રસાકસીભર્યો જંગ છેડાયો હતો. ત્યારે ગત રોજ મતદાન મથકે મતદારોએ મતદાન કરાયા બાદ પણ મતદારોએ અક્કડ મૌન શેવી અને અલગ મીઝાજ દેખાઈ રહ્યો હતો. ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પોતાની જીતને લઈ ગુંજવણમાં મુકાયા છે. પાલિકામાં ભાજપ અને કોંગ્રેસને સત્તા હાસલ કરવા માટે બંને બેઠકો જીતવી પડશે. મતદાન પરથી દેખાઈ રહ્યું છે કે ભાજપ અને કોંગ્રેસને ૧-૧ બેઠક સાથે ટાઈ પડે તેવું દેખાઈ રહ્યું છે. વોર્ડ ૧ માં ભાજપ સાથે બળવા કરીને આવેલ અરવિંદ પ્રજાપતિને કોંગ્રેસે ચૂંટણી લડાવી છે ત્યારે વોર્ડ ૧ ના મતદારો તેને જાકારો આપશે કે પછી જનમત આપશે તે સોમવારે માલુમ પડી જશે. બંને બેઠકનું પરિણામ સોમવારના રોજ જાહેર થઈ જશે.

# અરવલ્લી જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિમાં કમલેશ પટેલની રજૂઆત

## મોડાસા-ધનસુરા રોડ પર રાણાસૈયદ ચોકડી પર ટી જંકશન બનાવાશે : અકસ્માતની ઘટનાઓમાં ઘટાડો થશે

અરવલ્લી, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાંથી ભારવાહક વાહનોના અતિક્રમણના પગલે ટ્રાફિક અને અકસ્માતની ઘટનાઓ સતત



બનતા મોડાસા શહેરની બહાર બાયપાસ બનાવવામાં આવતા ભારવાહન ચાલકો સહીત વાહનચાલકો બાયપાસ માર્ગ પરથી પુરઝડપે પસાર થતા વાહનચાલકોના અડફેટે જીલ્લા સેવા સદન, બાજકોટ જંક્શન, મેઘરજ રોડ ચોકડી, સહયોગ ચોકડી પર સર્કલના અભાવે છાસવારે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ અકસમાતનો ભોગ બનતા જીલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિના સભ્ય અને મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન કમલેશ પટેલે રાજ્ય સરકારના જવાબદારતંત્ર અને જીલ્લા વહીવટીતંત્રમાં યોગ્ય અને ધારદાર રજૂઆતના પગલે ચાર મોટા ટ્રાફિક સર્કલ બનાવવાની અને સર્વે કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે પ્રજાજનો દ્વારા રાણાસૈયદ ચોકડી નજીક પણ ટી-જંક્શન બનાવ માંગ ઉઠી હતી.

અરવલ્લી જીલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની તાજેતરમાં યોજાયેલ બેઠકમાં કમલેશભાઈ પટેલે મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર આવેલી રાણાસૈયદ ચોકડી નજીક ટી જંક્શન બનાવવા માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય રજૂઆતના પગલે જીલ્લા કલેક્ટરે રિપોર્ટ કરી રાણાસૈયદ બાયપાસ પર ટી જંકશન બનાવવાની મંજૂરી અપાતા ટૂંક સમયમાં રાણાસૈયદ ચોકડી નજીક જવાબદાર તંત્ર દ્વારા કામીગીરી હાથ ધરવામાં આવશે. તદઉપરાંત સહયોગ બાયપાસ ચોકડીથી જીલ્લા સેવાસદન કચેરી સુધી સ્ટ્રીટ લાઈટ નાખવાની માંગ કરતા જવાબદાર તંત્ર દ્વારા હકારત્મક પ્રતિક્રિયા આપી માર્ગ અને મકાન દ્વારા આ કામગીરી ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન ગાંધીનગર હસ્તક હોઈ યોગ્ય દરખાસ્ત કરવા જણાવ્યું હતું. મોડાસા શહેરના માલપુર અને મેઘરજ રોડને બાયપાસ રોડ સુધી ચાર માર્ગીય બનાવી આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટ લગાવવા માટે મંજૂરી મળી હોવાનું જણાવ્યું હતું.

મોડાસા નાગરિક બેંકના ચેરમેન કમલેશ પટેલે મોડાસા શહેરના બાયપાસ પર સર્કલ બનાવવા માટે યોગ્ય પ્લાનિંગ અને પાંચ સર્કલ બનાવવા માટે ક્યાંથી કેટલી ગ્રાન્ટ મળશે સાથે ડ્રાફટ તૈયાર કરી રજુઆત કરતા અને વર્ષોજૂની ટ્રાફિક સર્કલની માંગ સ્વીકારતા અને સર્વેની કામગીરી હાથ ધરાતા શહેરીજનો સહીત જીલ્લાભરમાં આનંદ છવાયો હતો.

## વેજપુર પ્રાથમિક શાળા નં.૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકાના વેજપુર ગામની વેજપુર પ્રાથમીક શાળા નંબર.૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરાયું હતું.

સર્વજન વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, વેજપુર પ્રમુખ ખીમજીભાઈ સડાત, ઉપપ્રમુખ બાબુભાઈ બરંડા ધ્વારા વિદ્યાર્થીઓને નોટબુક, ચોપડા, પેન, પેન્સિલ, રબ્બર, સંચો, રૂા.૫૧/- રોકડા સહિત શૈક્ષણિક કીટ વિદ્યાર્થીઓને વિતરણ કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.આ પ્રસંગે જશુભાઈ અસારી ધ્વારા રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સ્ટીલની ડીશ આપી પ્રોત્સાહિત કર્યા હતા. વેજપુર પ્રાથમીક શાળા નંબર.૧ મુખ્ય શિક્ષક મગનભાઈ નિનામા, સ્ટાફ પરીવાર ધ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરાયું હતું.

## સોનાસણ ગામમાં જરૂરીયાતમંદોને સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના સોનાસણ ગામમાં સદ્‌વિચાર પરીવાર,સમાજ સેવક ભુપેન્દ્રભાઈ પટેલ ધ્વારા સોનાસણ ગામમાં સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જરૂરીયાતમંદોને કપડાનું વિતરણ કરતાં આનંદની લાગણી પ્રસરી હતી. કેળવણી મંડળ પ્રમુખ કસ્તુરભાઈએ સોનાસણ ગામમાં સફાઈ અભિયાનના શપથ લેવડાવ્યા હતા.



## વિજયનગર તાલુકાના લીમડા ગામે નવીન મંદીરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના લીમડા ગામમાં શ્રી રામેશ્વર મહાદેવ અને શ્રી રામદેવજી મહારાજના નવીન મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ પુર્વક ધામધુમથી યોજાયો હતો.ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે લીમડા ગામમાં શ્રી રામેશ્વર મહાદેવ અને શ્રી રામદેવજી મહારાજના નવીન મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ગણેશ પુજન, જલયાત્રા, પ્રતિષ્ઠા, યજ્ઞ પ્રારંભ, મંડપ પ્રવેશ, અગ્ની સ્થાપન, પ્રાણ પ્રતિષ્ઠા, ધ્વજદંડ, મહાઆરતી, પુર્ણાહુતી કર્મકાંડી બ્રાહ્મણો ધ્વારા પ્રાણ પ્રતિષ્ઠા ધાર્મિક વિધિ વિધાન પુર્વક યોજાઈ હતી. શ્રી રામેશ્વર મહાદેવ, શ્રી રામદેવજી મહારાજના નવિન મંદીરમાં દર્શન કરી મહાપ્રસાદીનો ભાવિક ભક્તોએ લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.દર્શનાર્થે ભારે માનવ મહેરામણ ઉમટ્યું હતું.

# મોડાસામાં લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં વાર્ષિક નિરીક્ષણ-પરીક્ષણ કાર્ય સંપન્ન

મોડાસા, તા. ૧૭

મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં વર્ષ દરમિયાન કરેલા શૈક્ષણિક કાર્યો અને પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા માટે જીસીઈઆરટી પ્રેરિત ઈડર ડાયેટ દ્વારા વાર્ષિક નિરીક્ષણ પેનલ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ઈડર ડાયેટથી ડૉ. મદનસિંહ તથા ડૉ. જીતપુરા ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજની શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ દેવકરને મળેલ 'સારસ્વત એવોર્ડ' માટે ઈડરના પ્રાચાર્ય કે.ટી. પોરાણીયાએ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ નિરીક્ષણ કાર્યની સરાહના કરી હતી. તાલીમાર્થીઓ દ્વારા વર્ષ દરમિયાન કમ્પ્યુટરનો ઉપયોગ કરીને પ્રાયોગિક પાઠ આપવામાં આવ્યા હતા. અત્યાધુનિક ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ થયો હતો. જેની સરાહના કરવામાં આવી હતી.

અભિનયગીત પ્રાથમિક શિક્ષણમાં ઉદ્દીપકનું કામ કરે છે. તાલીમાર્થીઓ દ્વારા અભિનિત સુંદર અભિનયગીતનું વીડીઓ રેકોર્ડિંગ યુ ટ્યુબ પર અપલોડ થયુ હતુ. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી અને સુભાષભાઈ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

# આર્ટસ કોલેજ મોડાસા દ્વારા ત્રિદિવસીય જ્ઞાનસત્ર

મોડાસા, તા. ૧૭

આર્ટસ કોલેજ, મોડાસાના ઉપક્રમે 'ડૉ. નાથાલાલ શાહ જ્ઞાનસત્ર' તા. ૬-૭-૮-ફેબ્રુ.૨૦૧૮ દરમિયાન આયોજન કરવામાં આવ્યુ. આચાર્ય ડૉ. દીપકભાઈ જોશીના માર્ગદર્શન તળે જ્ઞાનસજ્ઞ સમિતિના ચેરમેન પ્રો. આર.આર. રોહીત અને સભ્ય પ્રો. ડી.આર. મહેતા દ્વારા સમગ્ર આયોજન થયુ. જ્ઞાનસત્રના પ્રથમ દિવસે સ.પ.યુનિ. વિદ્યાનગરના ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. પિનાકીનીબેન પંડ્યાએ 'ગુજરાતી સાહિત્યમાં નારી સંવેદના' ઉપર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. દ્વિતીય દિવસે મોડાસાના જાણીતા દંતચિકિત્સક ડૉ. હરીભાઈ પટેલે 'શ્રીમદ ભગવદ્ ગીતા' પર ચોટદાર વક્તવ્ય આપ્યુ. તૃતિય દિવસે સતલાસણા કોલેજના અધ્યાપક ડૉ. રાકેશભાઈ જોષીએ 'સ્ટ્રેસ મેનેજમેન્ટ' પર ગહન અભ્યાસ પૂર્ણ વ્યાખ્યાન આપ્યુ. ત્રિદિવસીય જ્ઞાનસત્ર દરમિયાન મ.લા. ગાંધી ઉ.કે. મંડળના મહેન્દ્રભાઈ શાહ, ડૉ. ઘનશ્યામભાઈ શાહ, ડૉ. અરૂણભાઈ શાહ તથા ડૉ. નવીનભાઈ શેઠે હાજર રહીને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. ત્રિદિવસીય જ્ઞાનસત્રના કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. જે.આર. સુથારે કર્યુ હતુ.